# મોડાસા નગરપાલિકાના વીજ થાંભલાના ખુલ્લા વિજવાયરોથી અકસ્માતની ભીતિ

## મોડાસાના શ્રી રવિશંકર માર્ગ અને મખદૂમ હાઈસ્કૂલથી જમાલવાવ માર્ગ પર ખુલ્લા વીજ વાયરો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા સંચાલિત સ્ટ્રીટલાઈટોના વીજ થાંભલા પર લગાવેલ બોક્સ હલકી ગુણવત્તાના લીધે તુટી જતા બોક્સમાંથી જીવંત વિજવાયરો ખુલ્લા થઈ જવાથી અને વિજવાયરો પરથી પ્લાસ્ટીક કવર પર ઉખડી જતા જીવંતતાર રીતસરના નિર્દોષ લોકોના માથા પર મોતની માફક લટકી રહ્યા છે. મોડાસાના માલપુર રોડથી મેઘરજ રોડ પરના ડીપી રોડ શ્રી રવિશંકર મહારાજ માર્ગ અને મખદૂમ ચોકડીથી જમાલવાવ સુધી ખુલ્લા લટકતા વીજતારથી ભયનો માહોલ સર્જાયો છે. મોડાસા નગરપાલિુકાના જાગૃત નગરસેવક રફીક શેખ દ્વારા ન.પા. તંત્રને લેખીત જાણ કરવા છતાં નગરપાલિકાતંત્રનું પેટનુ પાણી ન હલતા નગરજનોમાં ઉગ્ર રોષ.

મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસાના માર્ગો અને રહેણાંક સોસાયટીઓ અને ડીપી રોડ પર સ્ટ્રીટલાઈટ લગાડવામાં આવી છે. સ્ટ્રીટલાઈટના થાંભલાઓ પર જવાબદાર નગરપાલિકાતંત્ર દ્વારા યોગ્ય જાળવણી કરવામાં ન આવતા વીજથાંભલા પર લગાડેલ બોક્સ તુટી જતા વીજવાયરો બહાર લટકી રહ્યા છે. મોડાસાના શ્રી રવિશંકર મહારાજ માર્ગ પર લગાવેલ સ્ટ્રીટલાઈટના તમામ વીજથાંભલાઓ પર લગાડેલ પ્લાસ્ટીકના બોક્સ સંપૂર્ણ તુટી જતા તદ્ઉપરાંત મખદૂમ ચોકડીથી જમાલવાવ સુદીના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ પર લાગેલા બોક્સ તુટી જતા બન્ને માર્ગ પરથી પસાર થતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, રાહદારીઓ અને વાહનચાલકોમાં ભયનો માહોલ છવાયો છે. ત્યારે નગરપાલિકાતંત્ર દ્વારા ખુલ્લા વાયરોની મરામત હાથ ધરી નવા બોક્ષ નાખવામાં અને વાયરોની યોગ્ય મરામત કરવામાં આવે તે અનિવાર્ય છે. પાલિકાતંત્રમાં નગરપાલિકાના કોર્પોરેટર રફીક શેખ દ્વારા આ અંગે જવાબદાર અધિકારીને લેકીતમાં જાણ કરવા છતા પાલિકાતંત્ર આ બાબત પરત્વે અક્ષમ્ય અવગણના દાખવીને બાળકોથી લઈ અબાલ વૃદ્ધ સૌ કોઈ સામે જીવ સામે જોખમ ઉભુ કરી રહ્યુ છે. સ્ટ્રીટલાઈટના વીજ થાંભલા પર લગાડેલ બોક્સની ગુણવત્તા હલકી કક્ષાની હોવાથી તુટી જતા હોવાનુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે. જેથી નવા નાખવાના બોક્ષ ગુણવત્તાસભર ખરીદી કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.





સાબરકાંઠા જિલ્લામાં ધીમીધારે વરસાદ થતાં સોનામાં સુગંધ ભળતા મોટી આશાએ ખેડૂતોએ પણ ડાંગરની રોપણીની પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રી ગણેશ કરી દીધાં છે અને ખેડૂતોએ મેધમહેર ઉપર થતી ડાંગરની રોપણી કરી દીધી છે અને ધીમીધારે વરસાદ વરસતાં કાચું સોનું ખેતરોમાં પડતાં ખેડૂતો વર્ષ સારૂ જશે ના એંધાણ છે તેવાં સંકેતો હાલ તો આશાઓ બંધાઈ છે.

# ધાનેરાના ધાખા (કોટડા) પાસે બસ અને રીક્ષા વચ્ચે અકસ્માત : ૨ના મોત

ધાનેરા નજીક બસ અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા રીક્ષા માં બેઠેલા મુકેશભાઈ પટેલ અને ઈબ્રાહીમભાઈ કાળુભાઈ થતા તેમને સારવાર અર્થે ૧૦૮ ધ્વરા ધાનેરા ની રેફરલ હોસ્પિટલ




રીક્ષા માં બેઠેલા બે લોકોના મોત નિપજ્યા છે તો અન્ય ત્રણ લોકો ને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

ધાનેરા તાલુકા ના ધાખા કોટડા ગામ પાસે રીક્ષા અને બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા નામના બે લોકો ના ઘટના સ્થળ ઉપર જ મોત નિપજ્યા હતા અને અન્ય સાહરુખભાઈ ઈકબાલભાઈ ચૌહાણ સુરેશભાઈ જયંતીભાઈ સોલંકી અને કિરણભાઈ મેરૂભાઈ ઠાકોર તમામ રહે ધાનેરા વાળા ને ગંભીર ઈજા માં ખસેડવામાં હતા જ્યાં ફરજ પરના તબીબ ધ્વરા પ્રાથયમિક સારવાર આપી વધુ સારવાર અર્થે આગળ રીફર કર્યા હતા સમગ્ર ઘટના ની જાણ ધાનેરા પોલીસ ને થતા ધાનેરા આ બાબતે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા કોન્ટ્રાક્ટર એસોસિએશને આવેદનપત્ર આપ્યુ

## જીએસટી અમલીકરણ અંગે યોગ્ય નિરાકરણ લાવવા રજૂઆત

અરવલ્લી, તા. ૧૪

ગુજરાત કોન્ટ્રાક્ટ એસોસીએશને કેન્દ્ર સરકારે ૧ જુલાઈથી લાગુ કરેલા જીએસટીના કાયદાથી કાયદા અગાઉ કરાયેલા વિકાસના કામોમાં નુકશાની ભોગવવી ના પડે તે સંદર્ભે સમગ્ર રાજ્યના કોન્ટ્રાક્ટરો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવાના પગલે શુક્રવારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કોન્ટ્રાક્ટર એસોસીએશને એડી. કલેક્ટરને આવેદનપત્ર આપી જીએસટીના અમલીકરણ અંગે યોગ્ય ન્યાયની માંગ કરી રાજ્યમાં ચાલતા તમામ કામકાજ બંધ કરવાની ફરજ પડી હોવાની રજૂઆત કરી હતી.

જીએસટીનો વિરોધ ઠેર ઠેર થઈ રહ્યો છે. અને તમામ ધંધાર્થીઓ અને એસોસીએશન દ્વારા આવેદનપત્ર આપી વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કોન્ટ્રાક્ટર એસોસીએશન દ્વારા એડી. કલેક્ટરને જીએસટી અમલીકરણના વિરોધમાં આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે જિલ્લામાં ચાલતા દરેક કામો બંધ કરવાની ફરજ પડી છે. જીએસટીના નવા કાયદાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના હયાત પ્રગતિ હેઠળના કામો પર થનારી દૂરોગામી અસરથી કામો આપોઆપ ખોરંભે પડી જાય તેમ હોવાથી તાત્કાલીક જરૂરી નિર્ણય લઈ જાહેરનામુ બહાર પાડવામાં આવે અને બાંધકામમાં વપરાતા ખનીજોના રોયલ્ટી દર અને પરીમટમાં જીએસટીથી અસહ્ય થયેલો ભાવ વધારો પરત ખેંચવામાં આવે અને એસોસીએશનની લાંબા સમયથી પડતર રહેલી રજૂઆતો અંગે જરૂરી નિર્ણય કરી અમલીકરણ કરવામાં આવે. જીએસટી નિયમ ૨૦૧૭તા. ૨૪-૫-૨૦૧૭ની અતાર્કિક રજૂઆતો હટાવી લેવામાં આવે તે માટે જિલ્લા એડી. કલેક્ટર એસ.બી. પટેલને જિલ્લા એસો. પ્રમુખ એ.એસ. પટેલ, ખજાનચી વિનોદ પટેલ, પરિમલ પટેલ, અંકીત સુથાર, નિશ્ચલ પટેલ સહિતના કોન્ટ્રાક્ટરોએ આવેદનપત્ર આપી યોગ્ય ન્યાય મેળવવા રજૂઆત કરી હતી.






**અમરનાથ યાત્રામાં શહીદ થયેલા યાત્રીઓને મુસ્લિમ સમાજ ધ્વારા શ્રધ્ધાંજલી**

ધનસુરાના વડાગામમમાં શ્રધાંજલી અપાઈ હતી. મુસ્લિમ સમાજદ્વારા શ્રધ્ધાંજલી અપાઈ. શુક્રવારની નમાજ પછી શ્રધ્ધાંજલી અપાઈ હતી. પાકિસ્તાન હાય હાયના નારા પણ લગાવ્યા હતા.

# માઉન્ટ આબુમાં ૧૫ ઈંચ જેટલો ભારે વરસાદ પડતા બેના મોત

## બનાસકાંઠાની બે નદીઓ બે કાંઠે વહેતી થઇ

પાલનપુર, તા. ૧૪

રાજેસ્થાન ના માઉન્ટ આબુ માં ૧૫ ઈંચ જેટલો ભારે વરસાદ પડતા લોકો ના રહેણાંક મકાન માં પાણી ફરી વળ્યાં હતા જો કે મકાન ની દીવાલ પડી જવાના લીધે બે ના મોત પાંચ ઘાયલ થયા છે ઉપરવાસ માં પડેલા ભારે થી વરસાદ થી અમીરગઢ ની બનાસ નદી પણ આજે બે કાંઠે વહેતી થઈ છે સરહદી બનાસકાંઠા માં ઝરમર વરસાદ ની શરૂઆત વચ્ચે ઉપરવાસ માં પડેલ અતિભારે વરસાદ થી બાલારામ અને અમીરગઢ ની બનાસ નદી બે કાંઠે વહેતી થતા દાંતીવાડા ડેમ માં પાણી ની સારી એવી આવક થઈ છે હાલમાં દાંતીવાડા ડેમ ની સપાટી ૫૪૬.૧૦ ફૂટ છેઆગામી ત્રણ દિવસ સુધી ભારે થી અતિભારે વરસાદ ની હવામાન ખાતા એ આગાહી આપી છે રાજેસ્થાન માં ઉપરવાસ માં પડેલ ભારે વરસાદ ના લીધે બનાસકાંઠા ની બાલારામ અને બનાસ નદી ના વહેતા નીર ને નિહાળવા લોકો ની ભારે ભીડ જામી હતી.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર ઠેરઠેર મસમોટા ખાડા

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ હિંમતનગર-અમદાવાદ રોડ ઉપર મસમોટા ખાડા પડી જતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ પડે છે અને ખાડામાં પડતાં વાહન પટકાતાં વાહન ચાલકોની કમર પણ ટુટી જાય છે અનેકવાર રજુઆતો છતાં હાઈવે ઓથોરીટીનું પેટનું પાણી પણ હલતું નથી. અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર અનેક



જગ્યાએ રોડ ઉપર ખોટા મસ ખાડા પડયા છે ને બીજીબાજુ ચોમાસાની સિઝન હોવાથી ખાડામાં પાણી ભરતાં આવતાં જતાં લોકો ખાડામાં પડે છે અને તેમણાં વાહનોને કે તેમણે નાનીમોટી ઈજાઓ પહોચે છે ત્યારે અનેક વાર હાઈવે ઓથોરિટીમાં વાહનચાલકો દ્વારા રજુઆતો કરવા છતા તથા તગડો ટોલટેક્સ લેતા હોવા છતાં આંખ આડે કાન કરવામાં આવ્યાં છે અને હાલ તો વાહનચાલકોને પોતાના વાહનો પાછળ ખર્ચ કરવાનો કે પોતે વાહન સાથે પટકાતાં તેવોને પણ ડૉકટરી સારવાર લેવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ તો જેની જવાબદારી છે તે હાઈવે ઓથોરીટી હાલતો કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

# મેઘરજમાં રાજસ્થાન બોર્ડર નજીકથી મુદ્દામાલ સહિત ૪,૫૩,૩૦૦નો વિદેશી દારૂ ઝડપાયો

મેઘરજ, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકો રાજસ્થાન સરહદને અડીને આવેલ તાલુકો હોવાથી નિર્ભય બનેલા બુટલેગરો દારૂની હેરાફેરી માટે ઉન્ડવા અને કાલીયાકુવા બોર્ડરથી ગુજરાતમાં દારૂ ગુસાડવાનો પ્રયત્ન કરે છે. ત્યારે પોલીસ પણ સઘન પેટ્રોલીંગ કરતી હોય છે. બેખોફ બનેલા બુટલેગરો અનાયાસે પોલીસ જાપ્તામાં આવી જ જતા હોય છે ત્યારે ગુરૂવારે રાત્રે મેઘરજ પોલીસ ઉન્ડવા નજીક પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે પોલીસને બાતમી મળી હતી કે સફેદ કલરની આઈટેન ગાડી ચાલક દારૂનો જથ્થો ભરી રાજથાન સીમલવાડા થઈ ઉન્ડવા મેઘરજ રોડથી પસાર થનાર છે. મેઘરજ પીએસઆઈ જી.કે. બારોટે અને સ્ટાફના માણસોએ વોચ ગોઠવી હતી. બાતમીવાળી ગાડી આવતા પોલીસે સરકારી વાહનની આડાશ કરી ગાડીને ઉભી રખાવી હતી. ગાડીની તપાસ કરતાં કારમાંથી વગર પાસ પરમીટનો વિદેશી દારૂ જણાતા કારચાલક અને દારૂ કબ્જે લઈ દારૂની ગણતરી કરતાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૨૫૨ નંગ દારૂની બોટલો કિંમત રૂ. ૫૨,૮૦૦નો વિદેશી દારૂ તેમજ આઈટેન ગાડી નં. જીજે.૧-આર વી. ૬૧૩૬ કિંમત રૂ. ૪ લાખ, મોબાઈલ કિંમત રૂ. ૫૦૦ મળી દારૂ અને મુદ્દામાલ સહિત કારચાલક પવન જીવતરામ લાલચંદ ગોરાણી રહે. કુબેરનગર માયા સીનેમા પાછળ અમદાવાદ સામે ગુજરાત પ્રોહિબીશન એક્ટ અન્વયે ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# દલિત આઝાદી કૂચને લઈ દલિત નેતા જીજ્ઞેશ મેવાણી પાલનપુરમાં

દલિત આઝાદી કૂચ લઈ મહેસાણાથી નીકળેલા દલિત નેતા




જીગ્નેશ મેવાણી આજે પાલનપુર આવી પહોંચ્યા હતા. જ્યાં તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું.

મહેસાણાથી દલિત આઝાદી કુચ લઈ નીકળેલા દલિત નેતા જીગ્નેશ મેવાણી આજે પાલનપુર આવી પહોંચ્યા હતા. જ્યાં ગઠામણ દરવાજા પાસે તેમનું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે જીગ્નેશ મેવાણીએ મહેસાણાની ઘટના સરકારના ઈશારે થઈ હોવાનું જણાવ્યું હતું. તેઓએ આવતી કાલે બનાસકાંઠા કલેકટરને આવેદનપત્ર પાઠવી ધાનેરા દલિતો ની જમીનનો કબ્જો ૧૮ તારીખ સુધી અપાવવાની માંગ કરશે.

જો, ૧૮ તારીખ સુધી દલિતોને તેમનો હક નહી મળે તો પ્રશાસન રસ્તારોકો અને ચક્કાજામ માટે તૈયાર રહે તેવી ચીમકી તેઓએ ઉચ્ચારી હતી. વધુમાં તેઓએ ઉના કાંડના પીડિત દલિતોને હજુ ન્યાય મળ્યો નથી તેવા આક્ષેપો સાથે સરકારની દલિત વિરોધી નીતિઓ પર વેધક પ્રહાર કર્યા હતા.

# ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટે હડતાળીયા કર્મચારીઓના જામીન મંજૂર કર્યા

મહેસાણામાં ૧૦૮ના કર્મીઓની હડતાળ, ગત રોજ હડતાળ પર ઉતરેલ ૫૭ કર્મીઓની એસમા હેઠળ ધરપકડ કરાઈ હતી, પોલીસ કસ્ટડીમાં રહેલ કર્મીઓએ સવારે ચા-નાસ્તો ન કરીને ભુખ હડતાળ કરવાની જાહેરાત કરી, બીજી તરફ ધરપકડ કરાયેલ કર્મીઓના સમર્થનમાં સૂરત, નવસારી, પાટણ તેમજ બનાસકાંઠામાંથી ૧૦૮ના કર્મચારીઓ મહેસાણા આવી પહોંચ્યા, રાધનપુર સર્કલ પાસે ધરણાં-પ્રદર્શન કર્યા.

પડતર માંગણીઓ મુદ્દે ઈમરજન્સી સેવા ૧૦૮ના કર્મચારીઓએ ગઈકાલે હડતાળ યોજી હતી. મહેસાણામાં હડતાળ પર ઉતરનારા ૧૦૮ના કર્મચારીઓને કસ્ટડીમાં લીધા બાદ આજે મહેસાણાના ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આંદોલન અને ઉપવાસ સહિતનો વિરોધ ન કરવાની શરતે કર્મચારીઓનાં જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, હડતાળ પર ઉતરનારા કર્મચારીઓ પર એસમા લાગુ કરવામાં આવતાં કર્મચારીઓ રોષે ભરાયા હતા. વળી, વિરોધને પગલે રાજ્યના અનેક વિસ્તારમાંથી ૧૦૮ના કર્મચારીઓ મહેસાણામાં એકત્રિત થયાં હતાં.

# થરાના આંબલીવાસમાં ૪૦૦ વર્ષ જુનુ આંબલીનું ઝાડ ધરાશયી

થરા, તા. ૧૪

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના વેપારીમથક થરામાં આવેલા આંબલીવાસમાં વરસાદના કારણે આંબલીનુ ૪૦૦ વર્ષ જુનુ ઝાડ એકાએક ધરાસયી થઈ જતા જતીન મહેતાને થતાં પ્રમુખ વિનોદજી ઠાકોર, સેક્રેટરી ઈન્સ્પેક્ટર પ્રવિણ ચૌધરી તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર દોડી આવ્યા હતા અને દિયોદર માર્ગ અને મકાન વિભાગની ટીમ બોલાવી તેમજ ફોરેસ્ટ ટીમ કાંકરેજની મદદથી ૩ જેસીબી મશીન અને કટરની મદદ લઈ યુદ્ધના ધોરણે વૃક્ષને કટીંગ કરી હટાવવાની કામગીરી આરંભી હતી. જો કે રસ્તા ઉપર વાહનો અટવાતા ડાઈવર્ઝન અપાયુ હતુ.



અશોકભાઈ જગાણીના ઘર ઉપર પડતા મોટુ નુકશાન થવા પામ્યુ હતુ અને રસ્તો બંધ થઈ જવા પામ્યો હતો. જો કે કોઈ જાનહાનિ ન થતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. જેની જાણ થરા નગરપાલિકા ચિફ ઓફિસર

આમ થરા આંબલીવાસનું ૪૦૦ વર્ષ જુનુ વૃક્ષ ધરાસયી થતા સ્થાનિક અશોક જગાણીના મકાનને આશરે એક લાખ રૂપિયાનુ નુકશાન થવા પામ્યુ હતુ. જેને થરા નગર પાલિકાએ કાર્યવાહિ હાથ ધરી વૃક્ષનો નિકાલ કરવામાં આવ્યો હતો અને સ્થાનિકોએ આ જુનુ વૃક્ષ ધરાશાયી થતા પોતે સદારામબાપાનો આશિર્વાદથી નુકશાન-જાનહાની ટળતા આભાર માન્યો હતો. થરા નગરપાલિકા ટીમ અને દિયોદર માર્ગ મકાન વિભાગની પ્રસંશનીય કામગીરી જોવા મળી હતી.